# ઉનાવામાં પોલીસકર્મીઓ દ્વારા ચાલતા જુગારના અડ્ડા પર એલસીબી ત્રાટકી

## પોલીસ કર્મચારીઓ સામે તપાસ થશે

ઉનાવા જુગારધામમાં સંચાલક તરીકે બે પોલીસકર્મીઓનું નામ પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ બાદ તેમને સસ્પેન્ડ કરવા સુધીની પ્રક્રિયા હાથ ધરાય તેમ લાગી રહ્યું છે. જયારે પેથાપુર પોલીસ મથકના વિસ્તારમાં ચાલતા મસમોટા જુગાર ધામ પર એલસીબી પોલીસે દરોડા પાડી જુગારીઓને પકડી પાડ્યા છે ત્યારે સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ છે. જેને પગલે પોલીસ મથકના જવાબદાર અધિકારી સામે પણ કાયદાકીય પગલા ભરવામાં આવે તેમ લાગી રહ્યું છે.

## જુગાર રમવા માટેની જગ્યા જમાદાર જ નક્કી કરતા અને ખેલીઓને કોઈન અપાતા

પેથાપુર ચોકડી પાસે જુગારીઓને એકઠા કરવામાં આવતા હતા. ત્યાંથી ઈકોમાં બેસાડી જમાદારે નક્કી કરેલી જગ્યા પર જુગારીઓને રમવા માટે લઈ જવાતા હતા. જયારે જુગારધામની જગ્યા બે દિવસે બદલી નાંખવામાં આવતી હતી. તેમ પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. જયારે જુગારધામના સંચાલકો જુગારીઓ પાસેથી રોકડા રૂપીયા લઈ લેતા હતા અને તેના બદલામાં તેઓને કોઈન આપવામાં આવતા હતા.

ગાંધીનગર, તા.૧૮

ઉનાવા ગામની સીમમાં ખેતરની ઓરડીમાં ચાલતા જુગારધામ પર એલસીબી -૨ એ રેઈડ પાડી ૮ જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડ્યા છે. જુગારધામ પર રેઈડ પડતા જ જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓની અંગજડતી અને રોકડ રૂ.૬૨,૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ૮ જુગારીઓને પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.જયારે જુગાર ધામના મુળ સંચાલક પોલીસ હેડ કવાટર્ર ખાતે ફરજ બજાવતા ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર પ્રતાપસિંહ વાઘેલા, પેથાપુર પોલીસ મથકના ડી સ્ટાફનો કોન્સ્ટેબલ જયપાલસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ અને અમદાવાદ સોલાનો શંભુ રબારી વોન્ટેડ જાહેર કરાયા છે.

એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શનમાં પીએસઆઈ પી.ડી.વાઘેલા, ડી.એ.રાઠોડ અને તેમની ટીમના સભ્યો એલીસીબી-૨ કચેરી ખાતે હાજર હતા. તે સમયે પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહ વનરાજસિંહને ચોકકસ ખાનગી રાહે બાતમી મળી હતી કે ઉનાવા ગામની સીમમાં લક્ષ્મણસિંહ ડાભીના તબેલાની બાજુમાં આવેલી ઓરડીમાં જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે એલસીબી પોલીસે જુગારધામ પર રેઈડ પાડીને રંગેહાથ જુગાર રમતા ૮ શકુનીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસે ૮ જુગારીઓ પાસેથી અંગજડતી દરમિયાન રોકડ રૂ.૨૨,૭૦૦ તેમજ દાવ પરથી રૂ.૧૦,૫૦૦, તેમજ ૯ મોબાઈલ ફોન રૂ.૨૮,૫૦૦, પ્લાસ્ટીકના કોઈન ૫૮,બીસ્ટો રૂ.૯૧૦, બીડી ૩ પેકેટ કિં.૬૦ મળી કુલ રૂ. ૬૨૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે તમામ જુગારીઓ પાસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.




## પોલીસના હાથે ઝડપાયેલા જુગારીઓ

- કમલેશકુમાર ચિમનભાઈ પટેલ રહે.સ્વામી નારાયણ વાસ મુબારકપુર ગામ .તા.જી. ગાંધીનગર,
કાર્તિક હરીરામ મહેશ્વરી રહે.જે-૧૯ કલ્પતરુ એપાર્ટમેન્ટ, ગણેશ વિદ્યાલયની પાસે નવા વાડજ
- બાબુભાઈ સાહરભાઈ રબારી રહે.બળીયા બાપાના મંદિર પાસે રબારી વાસ પેથાપુર
- કિશોર દેવીલાલ પઢિયાર રહે.બી.૪૦૪ સત્વ એલીગન્સ ચાંદલોડીયા ગોતા રોડ અમદાવાદ
- ભીમાજી હીરાજી સોલંકી રહે.શાંતમ બંગ્લોઝની બાજુમાં પેથાપુર ચાર રસ્તા
- ડો.અશ્વિનભાઈ મુળજીભાઈ જસાણી રહે.એચ.૧૦૧ સિલ્વર ગાર્ડનીયા વોડાફોન ટાવર પાસે મુળ રહે. રાજકોટ
- જગદીશકુમાર રણછોડભાઈ પટેલ રહે. પટેલ વાસ વાવોલ ગામ તા.જી.ગાંધીનગર
- સલીમ રસુલભાઈ મન્સુરી રહે. પ્લોટ નં. ૪૫૭-૧ સેકટર-૨૯ ગાંધીનગર મુળ રહે. મન્સુરી વાસ ચિલોડા ગામ તા.જી.ગાંધીનગર

## વોન્ટેડ આરોપીઓ

- ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર પ્રતાપસિંહ વાઘેલા નોકરી- પોલીસ હેડ કવાટર્ર ગાંધીનગર
- જયપાલસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ નોકરી- પેથાપુર પોલીસ મથક
- શંભુભાઈ રબારી રહે. સોલા અમદાવાદ

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સ્ટુડન્ટ્સ... તમે જો ઓનલાઈન સારી રીતે ભણશો તો આ દિવાળી વેકેશનમાં સ્કૂલ બિલ્ડિંગ જોવા માટે પીકનીક રાખવામાં આવશે...!!

# જ-માર્ગ પર વનતંત્રનો નવતર અભિગમ રંગબેરંગી ફુલો સાથે હરિયાળી નિખરશે

### નીલગાયના ત્રાસના લીધે જ માર્ગ પર રોપાઓને નુકશાન થતુ હોવાથી વનવિભાગે બોહનીયા, ગુલમહોર સીમળા સહીતના જુદા જુદા ૧૫૦૦ રોપાઓની વાવણી કરી

ગાંધીનગર તા ૧૮

શહેરમાં નીલગાયનો ત્રાસ વધુ છે. જયારે નીલગાયના ત્રાસના લીધે અનેકવાર માર્ગ અકસ્માતો થાય છે. બીજીતરફ નીલગાય નવા રોપાઓને પણ નુકશાન પહોંચાડે છે. હરિયાળી માટે પણ નીલગાય હવે ખતરારૂપ બનતી જાય છે. નગરના જ માર્ગ પર નીલગાયે કુમળા રોપાઓને નુકશાન પહોંચાડતા આખરે વનતંત્રએ નીલગાય નુકશાન ન કરી શકે તેવા નવા રોપાઓની વાવણી કરી છે. જેમાં ગુલમહોર,દોહનીયા અને આંબલી સહીતના ૧૫૦૦ નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ માર્ગ પર રંગબેરંગી ફુલો સાથે હરિયાળી નિખરશે.

શહેરના જ માર્ગ પર નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જ માર્ગ પર રંગબેરંગી ફુલો સાથે હરિયાળી નિખરે તે માટે વનતંત્ર દ્વારા વાવેતર કરાયુ છે. આ માર્ગ પર નીલગાયનો ત્રાસ વધુ છે. જયારે નીલગાયના લીધે નવા રોપાઓની વાવણી બાદ રોપાઓને જીવંત રાખવાનુ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં નવા રોપાઓની વાવણી સાથે આ માર્ગ પર હરિયાળી નિખરે તેમજ અને નીલગાય રોપાઓને નુકશાન ન પહોંચાડે તે મુજબ પ્લાન્ટેશન કરાયુ છે. જેમાં વિવિધ જુદા જુદા પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે. શહેરમાં આમ પણ નીલગાયનો ત્રાસ વધુ છે. જયારે નીલગાયના લીધે અનેકવાર અકસ્માતો સર્જાય છે. નીલગાયનો ત્રાસ ગાંધીનગરમાં વિશેષ છે. શહેરી વિસ્તાર ઉપરાંત ગાંધીનગર અમદાવાદ જતા માર્ગ તેમજ નગરના પ્રવેશદ્વારે પણ નીલગાયનો ત્રાસ વધુ છે. માર્ગ પર દોડતા વાહનો ગમે ત્યારે નીલગાય આડી ઉતરતા અકસ્માતનો ભોગ બને છે. જયારે નીલગાય અકસ્માતની દ્રષ્ટીએ ખતરારૂપ બની છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે જયારે નગરના જ માર્ગ પર નીલગાયનો ત્રાસ વધુ હોવાના લીધે કુમળા રોપાઓનો ઉછેર પણ થઈ શકતો નથી. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા આ માર્ગ પર રંગબેરંગી ફુલો સાથે હરિયાળી નિખારવા નીલગાય નુકશાન ન કરે તે મુજબના રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં બોહનીયાના ૨૨૫, સીમળાના ૧૭૫ ગુલમોરના ૧૦૦૦, ખાડી આમલીના ૧૦૦ સહીત કુલ ૧૫૦૦ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેના લીધે આગામી દિવસોમાં નવા રોપાઓની વાવણી જ માર્ગનો નઝારો બદલી નાંખશે નીલગાયના ત્રાસને ધ્યાને લઈને વનતંત્ર દ્વારા એ પર્ટનના રોપાઓની વાવણી કરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે મુલાકાતે આવનાર મુલાકાતીએ રજીસ્ટરમાં નોંધ કરવી પડશે.
- જિલ્લા કલેક્ટર કચેરીમાં પણ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે મુલાકાતીઓને ઉભા રહેવાના ખાસ માર્કિંગ મુકવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં પંચાયતના સંકુલને સેનીટાઈઝડ કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં હવે કોરોનાના કેસોને લઈ તંત્ર દ્વારા ઢાંક પિછોડા કરવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ત્રીજો સનિવાર હોવાથી કચેરીઓ ચાલુ જરૂર હતી પરંતુ વાતાવરણમાં સન્નાટો જોવા મળતો હતો. ટ્રાફિક પણ પ્રમાણમાં ઘણો ઓછો જોવા મળ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના સરપંચ-તલાટીઓની બેઠકમાં મનપાના ઉચ્ચ અધિકારીઓ અને ગુડાના અધિકારીઓની ગેરહાજરીને લઈ ગ્રામ્ય વિસ્તારમાં નવો ગણગણાટ શરૂ થયો છે.

# શનિ-રવિ લોકડાઉન માટે તંત્ર લોકોને સમજ આપે તે જરૂરી : સી. જે. ચાવડા

ગાંધીનગર, તા. ૧૮

શનિ-રવિ દરમિયાન લોકડાઉન સ્વૈચ્છિક રીતે અમલી બને તે માટે પ્રજાજનોના પ્રતિનિધિઓ, વેપારી આગેવાનો, સામાજિક સંગઠ્ઠનો, શિક્ષણવિદો સાથે તંત્રએ સંવાદ કરી અને તે દિશામાં પહેલ કરવી જોઈએ તેવુ આજે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં સૂચન કર્યુ હતુ.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ પણ આ દિશામાં હકારાત્મક અભિગમ સાથે પ્રત્યુત્તર આપતાં જણાવ્યુ હતુ કે અમે આ દિશામાં વિચારણા કરી જ રહ્યા છીએ ખુબ ઝડપથી આ બાબતે યોગ્ય કરીશુ.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં કોરોનાના સંક્રમણનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. કોરોનાના પરીક્ષણ અંગેનો રિપોર્ટ મોડો આવતો હોવા અંગે પણ ધારાસભ્યોએ આજે રોષની લાગણી વ્યક્ત કરી હતી. અન્ય રોગની સારવાર માટે હોસ્પિટલ ગયેલા દર્દીઓના પરીક્ષણનો રિપોર્ટ બે દિવસે આવે તે સ્થિતિ ગંભીર છે. માણસાના મૃત્યુ બાદ રિપોર્ટ મળતો હોવાની વાતો પણ બહાર આવી છે આ બાબતે ઝડપથી કાર્યવાહી કરવામાં આવે તેમ પણ રજુઆત કરવામાં આવી હતી.

જિલ્લામાં સંક્રમણના કેસો જે ગતિએ વધી રહ્યા છે ત્યારે હોસ્પિટલોમાં બેડની સંખ્યા અત્યારથી જ વધારવા માટે તંત્રએ જરૂરી કાર્યવાહી કરવી જોઈએ.

ડૉ. ચાવડાની રજુઆતમાં કલેક્ટરે જણાવ્યુ હતુ કે અત્યારે પુરતી બેડ દર્દીઓ માટે ઉપલબ્ધ છે. જિલ્લામાં ૮ ડેઝીગ્નેટેડ હોસ્પિટલો છે. હાલ કોઈ તકલીફ નથી. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૭૦૦ થી વધુ લોકોના સેમ્પલ લઈ અને તપાસ કરવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકે તે માટે સઘન સર્વેલન્સ તેમજ સેનીટાઈઝેશનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જિલ્લામાં ૨૩ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં ૧૨૫ થી વધુ લોકો સરકારી ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

કોંગીના બળદેવજી ઠાકોરે પણ કલોલ તાલુકાના મોટી ભોંયણ ગામે મેડીકલ વેસ્ટના નિકાલની કામગીરીને લઈ થતા પ્રદૂષણ અંગે રોષ અને ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ કે પ્રદૂષણના નિયમોને નેવે મુકી અહિ કામગીરી કરવામાં આવી રહી છે.



### ચિલોડામાં મહિલાને પોઝેટીવ આવતાં ૨૭ મકાનો ક્વોરોન્ટાઈન કરાયા

જિલ્લામાં કોરોનાનું અનલોક થતાં ચિલોડા ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસ સંક્રમણ અને મહામારીના કેસ વધતાં ગામમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ઉજી જૂન પછી ચિલોડા ગામના મુખ્ય એપ્રોચ બજાર પાસે વણકરવાસ, ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વાર પાસે રાવળવાસ શક્તિ કોમ્પલેક્ષ રહેણાંક, શિહોલી-સાદરા રોડ, તિરૂપતી સોસાયટી, પ્રમુખ ઓરચીડ સોસાયટીમાં કોરોના સંક્રમિત કેસો આવી ચૂક્યા છે. ત્યારે આજે ૧૮ મી જુલાઈ મુખ્ય ગામમાં બ્રાહ્મણવાસમાં ૪૯ વર્ષીય મહિલાને પોઝીટીવ આવતાં સ્થાનિક આરોગ્યતંત્ર દ્વારા ૨૭ મકાનો અને ૧૧૦ વસ્તીને ક્વોરોન્ટાઈન પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં પટેલ રિતેષભાઈ, જયશ્રીબેન કે. સોલંકી, સુનિતાબેન વાળંદ, ઠાકોર ભીખીબેન, ઠાકોર કાજલબેન દ્વારા કાર્યવાહીમાં જોડાયા હતા.

# ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

### ગાંધીનગર જિલ્લાના છ ગામોમાં રૂપિયા ૧૫૪ લાખથી વધુના ખર્ચે પાણીની ટાંકીઓના નિર્માણ કરવાના કાર્યને મંજૂરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની તાજેતરમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના છ ગામોમાં રૂપિયા ૧૫૪ લાખથી વધુ રકમ વિવિધ વિકાસ કામોને મંજુરી આપવામાં આવી છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબલ્યુ.પી. હેઠળ જિલ્લાના કુલ- ૩૨૯ ગામની યોજનાઓના કામો પૂર્ણ થયા છે.

ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૧૫૪ લાખના ખર્ચે ગાંધીનગર તાલુકાના ત્રણ, કલોલ તાલુકાના બે અને દહેગામ તાલુકાના એક મળી કુલ- છ ગામોમાં વિવિધ વિકાસ કામો કરવામાં આવશે. જેમાં ગાંધીનગર તાલુકાના રાયપુર ગામે રૂપિયા ૩૮ લાખ ૦૮ હજારથી વધુની કિંમતની ૦.૫૦ લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી ટાંકી અને ડિસ્ટ્રીબ્યુશન પાઈપાલઈન, પપીંગ મશીનરી અને જોબ કનેકશન અને વીજળી કરણ જેવા કામો કરવામાં આવશે. વાસણ ગામમાં એક લાખ લિટરની ક્ષમતાવાળી ૧૨ મીટર ઉંચી ટાંકી અને તેને સંલગ્ન અન્ય કામો રૂપિયા ૩૧ લાખ ૬૮ હજારથી વધુની કિંમતે અને વિરાતલવાડી ગામે ૦.૮૦ લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી ટાંકી અને અન્ય સંલગ્ન કામો રૂપિયા ૧૬ લાખ ૯૦ હજારની કિંમતે કરવામાં આવશે.

કલોલ તાલુકામાં રકનપુર ગામે બે લાખ લીટરની ક્ષમતા ધરાવતી ૧૨ મીટર ઉંચી ટાંકી અને ૩ લાખ લિટરની ક્ષમતાનો ભૂર્ગર્ભ સંપ અને અન્ય સંલગ્ન કામો રૂપિયા ૩૭ લાખ ૫૫ હજારથી વધુની કિંમતે અને નારદીપુર ગામ ખાતે રૂપિયા ૨૪ લાખ ૮૭ હજારથી વધુના ખર્ચે એક લિટર પાણીની ક્ષમતાવાળી ટાંકી અને બે લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ પંપ અને અન્ય સંલગ્ન કામો કરવામાં આવશે. દહેગામ તાલુકામાં નાંદોલ ફાર્મ ખાતે રૂપિયા ૫ લાખ ૭૫ હજારથી વધુના ખર્ચે ૦.૨૦ લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી પાણીની ટાંકી અને અન્ય સંલગ્ન કામો કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબલ્યુ.પી. હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા. ૩૦મી જૂન, ૨૦૨૦ અંતિત કુલ- ૩૨૯ ગ્રામસમિતિઓની યોજનાઓને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી ૩૨૮ ગામોમાં આ યોજનાઓના કામો પૂર્ણ થયા છે. તેમજ એક યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. આ યોજના અંતર્ગત વિવિધ તાલુકાના ગામ-પરા અને ભાગોમાં વિવિધ કામોની મંજૂરી આપવામાં આવી છે. જેમાં માણસા તાલુકામાં ૮૨ માંથી ૮૧ કામો પૂર્ણ થયેલ છે. એક કામ પ્રગતિ હેઠળ છે. તે ઉપરાંત કલોલ તાલુકામાં ૮૦, ગાંધીનગર તાલુકામાં ૮૫ અને દહેગામ તાલુકામાં ૮૨ મળી કુલ- ૩૨૮ કામો આ યોજના અંતર્ગત પૂર્ણ કરવામાં આવ્યા છે.

## ૩૧ જુલાઈ સુધી જમાલપુર માર્કેટ બંધ

અમદાવાદ એગ્રિકલ્ચર પ્રોડ્યૂસ માર્કેટ (એપીએમસી) કમિટીએ જેતલપુર એપીએમસીમાં ૩૧ જુલાઈ સુધી ફરીથી કામ કરવાનો નિર્ણય લીધો છે. કમિટીએ અગાઉ ૧૫ જુલાઈથી જમાલપુર યાર્ડમાં કામ શરુ કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ હવે તેણે જમાલપુરના વેપારીઓને જેતલપુરથી જ ૩૧ જુલાઈ સુધી કામગીરી ચાલુ રાખવા જણાવ્યું છે. એપીએમસીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પહેલા નક્કી કરવામાં આવ્યું હતું કે, જમાલપુર એપીએમસી યાર્ડમાં જૂનના છેલ્લા અઠવાડિયાથી કામ શરૂ કરવામાં આવશે, પરંતુ છેલ્લી ઘડીએ પોલીસે મંજૂરી આપવાની ના પાડી દીધી હતી. જેના કારણે વેપારીઓએ હડતાળની ચીમકી પણ આપી હતી.

# ગ્રામ્ય વિસ્તારની રોજ-રોજની કામગીરી માટે વધુ ૨૦ કર્મયોગીના હુકમો કરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવવામાં આવેલ ૧૮ ગામ અને નગરપાલિકા વિસ્તારમાં મનપા દ્વારા ચાર્જ સંભાળી રોજબરોજની સેવાઓ પુનઃ કાર્યાન્વીત થાય તે માટે આજે વધુ એક હુકમ જારી કરવામાં આવ્યો છે.

આ ગામોની કામગીરી સંભાળવા અને મોનીટરીંગ માટે અગાઉ અધિકારીઓ નિયુક્તી કર્યા બાદ આજે કલાર્ક અને અન્ય કેડરના કર્મયોગીઓને જવાબદારી સોંપવાના હુકમો જારી કરવામાં આવ્યા છે. આ કર્મયોગીઓ ગ્રામ પંચાયતની કચેરીમાં નિયમિત હાજરી આપી રોજે રોજની કામગીરી સંભાળશે એટલુ જ નહિ વેરા વસુલી સહિતની કામગીરી પણ આ જ લોકો સંભાળશે.

ગ્રામીણ વિસ્તારનો ચાર્જ સંભાળવા માટે એક સપ્તાહથી વધુ સમયનો મનપાએ માંગ્યા બાદ પંચાયતના તલાટીઓની કામગીરી સહિત અન્ય વિવિધ કામગીરી અંગે સમન્વય બેઠકમાં લેવાયેલા નિર્ણયને પગલે આ હુકમો જારી કરવામાં આવ્યા છે. ૨૦ થી વધુ કર્મયોગીઓના હુકમો કરવામાં આવ્યા છે. સોમવારથી આ કર્મયોગીઓ તેમની જવાબદારી સંભાળશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ